રમણ સુંદરી

નાટકના ઓપેરા.

વાંકાનેર આર્ય હિતવર્ધક નાટક કંપની માટે

રચી પ્રસિદ્ધ કરનાર

રાવળ ત્રંબકલાલ દેવશંકર.

વાંકાને- આ. હિ. વ. ના. કં. ના માલેક.

વડોદરા.

આવૃત્તિ ૫ મી. નકલ ૨૦૦૦.

સંવત ૧૯૬૯. સન ૧૯૧૩.

અમદાવાદ શાહાપુર વનમાળી વાંકાની પોળમાં હરીભાઈ
હલપતરામે પોતાના "ગ્રંથોદય" પ્રેસમાં છાપ્યો.

કીંમત રૂ. ૦-૨-૦.

રમણ સુંદરી નાટકનો

ટુંક સાર.

અંક પહેલો.

જવનીકા ઉપડતાં સર્વ પાત્રો જયનાદ સાથે ચમત્કારી રચનાથી ઇશ્વર સ્તુતિ કરે છે.

પ્ર. ૧ લો—ચંદ્રનગરના ઉપવનમાં રમણુસિંહ પોતાના પીતાના અન્યાયને ધીક્કારતો હમીર નામના હજુરી સાથે ઉભો છે. ત્યાંથી ચતુરસિંહ સુંદરીકાને ફસાવવા માતાને મંદીર જવા નીકળે છે. તેની પાછળ રમણુસિંહ સુંદરીકાને બચાવવા જાય છે. આ સર્વ હકીકત જોનાર વિલાસી રમણુસિંહને મદદ કરવા અને ચતુરસિંહને સપડાવવા તેની પાછળ જાય છે.

પ્ર. ૨ જો—માતાને મંદીરે સુંદરીકા સખીયો સહીત દર્શન કરવા આવે છે, ચતુરસિંહ આવી સખીયોને ભયથી નસાડે છે. સુંદરીકાને પકડે છે. રમણુસિંહ સુંદરીકાને છોડાવે છે.

ટબલો.

પ્ર. ૩ જો–મેહેલમાં રાજા ધીરસિંહને ચતુરસિંહ તમારા કુંવરે વેરીનો સતકાર કર્યો અને સુંદરીકા પણ તેનેજ વરાવશે એમ કહી શંકામાં નાખે છે. ધીરસિંહ તેનો તપાસ કરવા જાય છે. પાછળથી સુંદરીકા પોતાના પીતા નીચના ભંભેરવાથી ઉશ્કેરાયા ધારી પશ્ચાતાપ કરે છે. ત્યાં વીલાસી આવી ચતુરસિંહનાં કાવતરાં જાહેર થયાના અને તેને દેશપાર કર્યાના ખબર આપે છે. વળી રમણસિંહને મળવાની યુક્તી બતાવી નંદલાલના ઘરનો કંકાસ મટાડવા જાય છે.

પ્ર. ૪ થો–નંદલાલ શેઠની નવી પોતાના છોકરાને રમાડતાં પોતાનાં પાપ જાહેર કરે છે. ત્યાં તેને આધીન થયેલો નંદલાલ આવે છે, નવી તેને ધમકી આપે છે નંદલાલ માફી માગે છે. બંને સ્ત્રીયો પાસેથી દાગીના માગી દીકરાની વહુને ચડાવવા નંદલાલ ધારે છે. નવી કંકાસ કરે છે. અને જુની આપે છે. વિલાસી નંદલાલને નવીનાં કાળાં કામ શ્લેશમાં જાહેર કરી ચાલ્યો જાય છે.

પ્ર. ૫ મો–રમણસિંહને રાજમાં લઇ જવા હમીર હઠ કરે છે, રમણસિંહ રોકાવાની ઋની જણાવે છે. વિલાસીની યુક્તીથી સુંદરીકા ઝવેરી થઇ આવે છે. કેટલીએક વ્યંગ વાતો કરી વરવાનું વચન લઈ પ્રગટ થાય છે. બાદ પ્યારભેર રજા લઈ જુદાં પડે છે.

પ્ર. ૬ ઠો–વસંતીકા પોતાની સખીયો પાસે જર્મનીની કેળવણીની બડાઈ કરે છે. રમણસિંહના આગ્રહથી રત્નસિંહ સાથે આવેલો વિલાસી ત્યાં આવે છે. વસંતીકા તેને કિન્ડરગાર્ટન બતાવે છે. પાછળથી વિલાસી તેની સખીયો સાથે ગમ્મત કરે છે.

પ્ર. ૭ મો–જાલમસિંહ પોતાના કુંવરપર દુશ્મનથી મીત્રાચારી કરી માટે ગુસ્સે થાય છે. રાણી રમા તેને વારે છે. રમણસિંહ પોતાના પીતાનું કહેવું નહીં માનતાં રત્નસિંહથી મીત્રાચારી જારી રાખે છે.

પ્ર. ૮ મો–વસંતીકા બગીચામાં પોતાની સખીયો સાથે વિનોદ વાત કરે છે. રત્નસિંહ તે સાંભળે છે. એક દ્રષ્ટી થાતાં બંનેનાં ચીત્ત પ્રેમમય બને છે. પ્રેમ ચેષ્ટા કરે છે, અને વીતેલો પ્રસંગ યાદ રાખવા પરસ્પર સુચવી બંને પ્રેમી જુદાં પડે છે.

અંક બીજો.

પ્ર. ૧ લો–ધીરસિંહ પાસેથી ધીક્કાર પામેલો ચતુરસિંહ જાલમસિંહને ભંભેરવાના વીચાર કરતો ચાલ્યો જાય છે. ખાનગી બાતમી લાવવા રત્નસિંહ તરફથી રહેલ વિલાસી તેના વીચાર સાંભળી જાલમસિંહના દરબારમાં ચતુરસિંહની પાછળ જાયછે.

પ્ર. ૨ જો–જાલમસિંહની કચેરીમાં વિલાસી ગવૈયો થઈ આવે છે. ચતુરસિંહ જાલમસિંહને રત્નસિંહ સાથે વસંતીકાની પ્રીતી જણાવી ઉશ્કેરે છે, રમણસિંહનો ક્રોધ. દેખાવ લો.

પ્ર. ૩ જો–રમા રાણીની દાસી વીજળી તથા ચતુરસિંહનો મેળાપ અને પ્રપંચ કરી દીવાન વિજયશંકરને રાજ્યમાંથી કાઢી મુકવાની વેતરણ.

પ્ર. ૪ થો–જાલમસિંહ કુંવરી કુંવરને ધમકી આપે છે, રમા વચ્ચે પડે છે. બચ્ચાં બેધડક બોલે છે કે ધીરસિંહનું કુટુંબ નિર્દોષ છે જેથી જાલમસિંહ રમણને દેશવટો દે છે. વસંતીકાને કેદ કરે છે અને ધીરસિંહના રાજ્ય ઉપર ચડાઇ કરે છે.

પ્ર. ૫ મો–નંદલાલની નવી ગુલાબસિંહ સાથે મદીરામાં મસ્ત બની મોજ કરે છે, ગુલાબસિંહને ખરચી માટે ગંઠો આપે છે, દારૂની બેભાનીમાં ગંઠો પડી જાય છે. તે છુપાએલા વીલાસીને હાથ આવે છે. છોકરાને રડતો સાંભળી રંગમાં

ભંગ થવાથી નવી મારી નાંખે છે. ગુલાબસિંહ તેને ધીક્કારી ચાલ્યો જાય છે. બિલાસી પુરાવાનો ગંઠો લઇ ચાલ્યો જાય છે.

પ્ર. ૬ ઠો–સુંદરીકા સખીયો સાથે ગરબો ગાય છે ત્યાં દેશવટો પામેલો રમણસિંહ તંબોળી રૂપે આવે છે. કેટલીએક સ્લેશમાં વાત કરી પ્રગટ થાય છે સુંદરી ભેટયા પછી શરમાય છે જેથી સખીઓ જાય છે. પછી બન્ને પ્રેમી પરસ્પર ધીરજ આપી જુદાં પડે છે.

પ્ર. ૭ મો–ચંદ્રનગરના પાદરમાં જાલમસિંહ આવી ચતુરસિંહના કહેવા મુજબ પોતાના લશ્કરને ઉશ્કેરી ધીરસિંહના કુટુંબને કેદ કરવા જાય છે.

પ્ર. ૮ મો–ધીરસિંહ તથા તેની રાણી બચ્ચાંપર વાત્સલ્યતા દરસાવતાં રત્નસિંહ પાસેથી જાલમસિંહની રાજ્ય વ્યવસ્થા સાંભળે છે. જાલમસિંહ આવી લડાઇ કરે છે. ધીરસિંહનો પરાજય થાય છે. **૨ બલો.**

પ્ર. ૯ મો–નંદલાલને ઘેર ઉઠવણું આવેલાં માણસો બેઠાં છે. ત્યાં નંદલાલ આવે છે. નવી તેની પાસે જુનીનો દોષ જાહેર કરે છે. જેથી સત્યવાદી જુની ના કબુલ થાય છે પછી નંદલાલ મોતીચંદ પાસે ન્યાય કરાવવા જાય છે.

પ્ર. ૧૦ મો–દીવાન વિજયશંકરના રાજ્ય ખટપટ સંબંધી વિચારો

ત્યાં વીજળીનો પ્રપંચ. રાજાનું ગુપ્તપણે સાંભળવું અને ચતુરે વિજયશંકરને વ્યભિચારી ઠરાવી દેશપાર કરાવવો.

પ્ર. ૧૧ મો–સુંદરીકા તથા રત્નસિંહને કેદ થયેલાં જાણી ખેદીત થયેલો વિલાસી ચતુરસિંહ સાથે મળી સુંદરીકાને મનાવવાની લાલચ આપી નીશાની માટે તેની વીંટી લઇ જેલમાં સુંદરીકા પાસે જાય છે.

પ્ર. ૧૨ મો–જેલમાં સુંદરીકા વીતેલી વિપત્તી યાદ કરી પશ્ચાતાપ કરે છે ત્યાં વિલાસી આવી પેહેરેગીરને નિશાની બતાવતાં નશાધીન કરી સુંદરીકાને નસાડી પોતે સુંદરીકા બને છે કામાંધ ચતુરસિંહ આવે છે. વિલાસી લાગમાં વાત કરી પ્યાર બાંધી ઘોડો બનાવી પોતે સ્વાર થાય છે. અંતે ચતુરસિંહ ચેતીને વિસ્મય થાય છે. ટેબ્લો.

અંક ત્રીજો.

પ્ર. ૧ લો–સુંદરીકા જંગલમાં તેનાં માતપીતાને મળી દીલાસો આપે છે ત્યાં રમણસિંહ મળવાથી તેની સાથે પાપીનું પાપ પ્રગટ કરવા જાલમસિંહના રાજ્યમાં જાય છે.

પ્ર. ૨ જો–સાધુવેશમાં વિજયશંકર સાથે રમણસિંહનો મેળાપ ને રાજા જાલમસિંહને સુધારવા માટે બંનેનું રત્નનગર તરફ જવું.

પ્ર. ૩ જો.–રાણી રમા પુત્રી વસંતીકાને છોડાવવાની તજવીજ કરે છે રાજા ચતુરસિંહના ભંભેરવાથી વસંતીકાની તપાસ માટે જાય છે. અને ચતુરનાં પાપ જાહેર કરવાની ચાવી રાણીને હાથ આવે છે.

પ્ર. ૪ થો–વિલાસીની મદદથી છુટેલો રત્નસિંહ આગબોટમાં બેસી એક ડંડીયા મહેલમાંથી વસંતીકાને છોડાવી તેની મા પાસે લઇ જાય છે; પાછળથી જાલમસિંહ આવે છે. **ટબ્લો.**

પ્ર. ૫ મો.–રમણસિંહ તથા સુંદરીકા અરીમર્દન સરદારને મળે છે. સર્વ એકસંપ થઈ જાલમસિંહ પાસે ચતુરનાં પાપ પ્રગટ કરવા જાય છે. અને વીલાસી નંદલાલના ઘરનો કજીઓ પતાવા જાય છે.

પ્ર. ૬ ઠો–મોતીચંદ શેઠે નંદલાલનો ન્યાય કર્યો, તે જોઈ વીલાસી

શાબાશી આપી પુરાવો હાજર કરે છે. સર્વ નવીને ધીક્કારી જુનીને ધન્યવાદ આપે છે.

પ્ર. ૭ મો–ગુસ્સે થએલો જાલમસિંહ રાણી વિગેરેને ધમકી આપે છે ત્યાં સર્વ મળી ચતુરનાં પાપ જાહેર કરે છે. જાલમસિંહ પસ્તાય છે. રમણ ચતુરને મારે છે સર્વ ધીરસિંહને શોધી તેનું રાજ સોંપવા વીચારે છે.

પ્ર. ૮ મો–રત્નસિંહ અને વસંતીકા પ્રેમી જોડાનો મીઠો શૃંગાર.

પ્ર. ૯ મો–બંને કુમારો તથા બંને કુમારીયોનાં લગ્ન ધીરસિંહ તથા જાલમસિંહ કુમારોને રાજ સોંપી સન્યસ્ત ગ્રહણ કરે છે. શાન્તિ. શાન્તિ. શાન્તિ.

પાત્રોનાં નામ.

ધીરસિંહ—ચંદ્રનગરનો રાજા.

કૃષ્ણાબા—ધીરસિંહની રાણી.

રત્નસિંહ—ધીરસિંહનો કુંવર.

સુંદરીકા—ધીરસિંહની કુંવરી.

ચતુરસિંહ—ધીરસિંહનો ભાણેજ.

વિલાસી—ધીરસિંહના રાજ્યનો નીમકહલાલ મસ્કરો.

નંદલાલ—ચંદ્રનગરનો વણીક.

ઝમકુ—નંદલાલની નવી સ્ત્રી.

ગંગા—નંદલાલની જુની સ્ત્રી.

મોતીચંદ—ચંદ્રનગરનો નગરશેઠ.

જાલમસિંહ—અમરપુરનો રાજા

વિજયશંકર—તેનો પ્રધાન.

રમા—જાલમસિંહની રાણી.

રમણસિંહ—જાલમસિંહનો કુંવર.

વસન્તીકા—જાલમસિંહની કુંવરી.

વિજળી—એક દાસી.

હમીર—રમણસિંહનો હજુરી.

દાસ, દાસીઓ, પુરવાસી, સિપાઇ, વારાંગનાઓ વિગેરે.

રમણ સુંદરી

નાટકનાં ગાયનો.

અંક પહેલો.

ગાંધર્વો તથા અપ્સરાઓ--૧

જય જય શીવશંકર ત્રીપુરારી જય અઘહારી ત્રીભુવન તારી
ઋષિજન મનવારી અખીલ ઉધારી સુર નર ભકિત કરે તારી
જગપટમાં જન નાટક ધારી અદ્ભુત રસ રંગ ભર્યા ભારી
સત પડદાવાલી ભૂમી નિશાળી, સંગીત સ્વરની લ્હે તાળી.
ભવભેદ વિચારી ભકિત ઉચ્ચારી, ભાવક ભાળી લ્હે તારી.
કરૂણાના સાગર નટવર નાગર ભવજલ ગાગર જયકારી
આજન નાટક રમણ સુંદરી, કુલીન પાત્ર આ હંસ દૂધ ગ્રહી
શ્રોતા જન સહુ સોર શ્રવણ કરી સનનન સનસન
અંતે સત્ય ધરમ જયકારી, ભવ ઉતરી જાવા ડગલું ભરી
જન મંડળનાં જીગર સર્વ હરી રસ પાઇએ સત સુખદ ઘડી
થનનન થનથન ઝનનન ઝનઝન સનનન સનસન—

વિલાસ— ૨

જુવો જુવો યારો જગત જળ ખાડી, ફુએ દુનિયાં દાડી
લે જીવ બે સુમાર, પવનની પ્રપંચી સપાટી પર ચાલે
ફરેબી હોડીયો હજાર, અરે વાહ: વાહ: ભલા કહોની કોઈ યારો.
કંઇ આપે છે બાઇ કહે બોર, રહે બેરી મેં ચોળી જવ લુંટે છે.
લુટારા કે લુચ્ચા ચોર, ખરો કાયદો ! નગદ વાયદો ! તેમાં ફાયદો,
છે અલાયદો, મારે પહેલાં જે લાત, કરે પાછળથી વાત.
ફાવે દુનીયાની સાથ, તેવી હંકારો હોડી મતલબની સફરમાં
સોદાગર થઈ જાઓ તૈયાર.

સુંદરી તથા સખીઓ— ૩

જોબન ઝુલે ઝુલે સુંદરી બાળ,
કલી કલી પરે અલી વસંત રસાળ
ધરે શૃંગાર સંયોગી નાર આ કાળ
કેસરવારી ભરી પીચકારી ઉર પર મારો સર સર સર
વસંત વૈભવ ખેલે ઉત્સવ નર અને નારી ઘર ઘર ઘર
એ ઉર આશ જાણી જાણી સખી યાદ કરી સહુ અંતર
શીદ અકળાવ
મીઠી મુઝાવો શું તમે આમ હસી હસો હસાવો શું કામ
ચાલો ચાલો દેવી દરશન જઇ તતકાળ—

સુંદરીકા— ૪

નહીં ચેન કંઇ દીન રેન જેમ ઘેલી બની ગોવાલણી
વેણું તણા મૃદુનાદથી મુરલીધરે મુરખી ગણી
શું શું હશે શું શું થશે મન ભમણુતા વધતી ઘણી
જીવ એક મન બીજે પડેલું એવી હાલત હા બની

સુંદરીકા— ૫

ખીલીજો બનની કળી કરમાઇ જાય છે, પિયુ ભમરા વિનાની વેલી
ઘેલી થાય છે
ઝુલે જુવાનીમાં ડોલંતી ડાળીએ, રસિયા વિનાની સુંઝાઇ જાય છે:
પ્રેમીના પંથનો જે ગ્રંથ ગુંથેલો રસીલો નહીં ભેદુ વિના પરખાય—
પ્રિતી પુષ્પ વેલો
જોડી વિના જુવાનીનો જુવોની રંગ ઝરો, ઝરે છે પ્રેમહીણા પ્રીત
કુવામાં અધુરો ! જઇ ભેટું રસીયાને રમણી હું દીલે એમ થાય છે.—પિયુ.

ઝમકુ— ૬

પ્યારા પોઢીજા પોઢીજા મારા બાલ, સુઇ જા મારા લાડુલા,
તને પોઢાડું સેજ પલંગ ! હાં ! હાં ! હાં ! તને ઓઢાડું સાલ વિરંગ
વાહ ધીરા, કુળ હીરા, મુજ વીરા, બાપુ ચુમ્બન આપું
હેં હેં હેં—ચાંદાપોળી બેટા ઘીમાં ઝબોળી, ખવરાવું ખંતે હું પ્રીતે
અમોલી ચુરમું હું દઉં ઘીમાં ચોળીરે બેટા સુઇ જા પ્યારા.
ગાંડીયો મારો ડાહ્યો પાટલે બેસી નાયો ! ઓ, હાં.

ઝમકુ— ૭

મારે સ્વામી છતાં તે રંડાપોરે બાપજી, જુનીનું જોર ન માય
નંદલાલ—મારૂં ઘર ગધેડે ચડયુંરે માવડી નંદલાલ નરકે જાય
વિલાસી—જાય જાય, ઘરનું ઘોલીકું થાય, મોકાણું નિત્ય મંડાય
ગોળાનું પાણી સુકાય ! ઘર ફોટે ઘર જાય ! મારે.
નંદલાલ—જોઇ વોરી મેં જાત, રાંડ નીકળી કુજાત
ભામા—અરે લ્યોને દાગીના હું આપું છું નાથજી ઘરમાંથી જો પાપ જાય
નંદલાલ—..............મારૂં ઘર ગધેડે ચડયું રે માવડી.

વિલાસી—હોય શેઠ હોય એતો બે બૈરીનો લાવો અંદર ગુલાગ-
સિંહનો દાવો.

ઝુમકુ—અરે મેર પીટયા વાંઝીયા

વિલાસી—ફુટ ત્યારે છાજીઆં

ઝમકુ—હાય તને, હાય તને, હાય હાય હાય. મારે સ્વામી.

વિજયશંકર— ૮

થયાં નથી નહીં થનારાં, કોઇનાં સુવા કે ધન
અર્ક દૂધ પેઠે ઉડે કયારે ના ઠરતાં—થયાં.
ફરે નિત છાતી કાઢી જણાવે જોર અતિ, એવા એમરે તે દેખી લોકનાં ડરનાં
કરી નિત કત્યો કુડાં કમાયે વીત અતિ, ભર્યા તે રહે ભંડારે પામે
નામરતાં થયાં.

રમણ— ૯

ભેટ સ્વીકારો ઉર પર ધારો પ્યારી,
સુંદરી મમ સુખકારીણી—

સુંદરી—દુઃખડાં વામી સ્વામી પામી પ્યારી,
સુરતી મમ મન હારીણી—
હવે નહિ વાલા દેશો વિસારી,

રમણ— ... ... ભેટ૦

સુંદરી—પ્રીતિ પથે ચાલીશું સ્વામી સંગે માલીશું,

રમણ— વ્હાલી વશ કીધો જાદુ જંતરમાં,

સુંદરી—રાખું પુરી પ્યારા મારા અંતરમાં;

રમણ— જીવન ધન મારૂં તું,

સુંદરી—તન મન વારૂં હું.

રમણ— ... ... ભેટ૦

વિલાસી--   ૧૦

તાલ જામ્યો પામ્યો હું પુરણ પ્રેમ દીલદાર !
હવે માનો મોજીલી મુને ભરથાર !

દાસીઓ--જાને પાજી અરે જાને પીટયા પાજી કરે પતરાજી ગાજી,

વિલાસી--વશીકર આંખ રૂપાળી, ભામીની તું ભાવથી ભાળી.
હરી દે હાથમાં તાળી.

દાસીઓ--હવે છેક તેં હદ વાળી નફટ તું નાક વીનાનો !

વિલાસી--કપટી ચુપ હેવાનો, મારૂં લાત નાદાનો !

દાસીઓ--એ પાપી ખર, છુટાકર, અમપર, મયાકર, દીલમહી
ડર ઘર ખાંતે થાશે ખુવાર !   તાલ જામ્યો૦

જાલમસિંહ--   ૧૧

જન મન તુજ મુખ દુર કરરે ! ઝગઝગ અગરે જોઇ ઝાળ.
હળી મળી અરી સંગ ! કર્યો ઉમંગ ભંગ !

રમણ--વીચારી જુઓ મન ! અરી નથી એ સુજન,

રાણી-- જળો ગતી તજો શાને સિધા સામે ટેડા ચાલો. તુજ૦

જાલમ--ચરર ચરર ચિત્ત ચીરાય ચીરાય
લુણ શાને લગાડી પ્રજાળો ! નહીં નહીં બાળો !

રમણ--નરવર વાતમાં વીચાર સાર એમ ઉર ધારીએ.

રાણી-- આખર તનમન ધન પરીજન સહુ ફના ફના છે. તુજ૦

વસન્તીકા--   ૧૨

ખીલી જોબન જુવતીની ફુલવાડીરે !
રસરંગી કળીયોની શી લાલીરે !   ખીલી૦

વેલે વેલે કુસમ છે, પરાગમય નવરંગ;
અલગ અલગ ખુશ વાસ છે, જેને જેવો સંગ.
લેતી મીઠી સુગંધી મદવાલીરે. ખીલી૦

દાસીઓ—સાહેલી શાણી તારી આ શી આતુરી,
આ શી આતુરી સારી નીરખી ચાતુરી;
પરાગી પુષ્પે મોહ્યા મધુકર.
વદી કાં વાણી અધુરી વાહ વાહ. આ શી૦

રત્નસિંહ— ૧૩

વાહ ખુબ ખીલી મધુરી કળી સુંદરી રસીક પરાગે ભરી,
લચકતી ઠરી, ગઇ તરૂ લળી, શી નવ યૌવન મદ ભરી.
રસીલી કળી જોઇ અલી ફ્રરરરરરરર સરરરરરરર.
ઉડે તરૂવર વગીરે અહાહા. વાહ ખુબ૦

પવનની લપટ વિષે પુર ભરી, બગીચે ધ્રુમી રહી ચીત હરી;
શી ચટક અજબ આ બ્હાર, શ્યો રંગ ભર્યો ગુલજાર.
શા ફ્રરે શોકીને લાલ, મનોહર ફ્રાલ, આવ્યો યોવન ઋતુને
હર ઘડી.
અરરરર સરરરરરર મળું ક્યારે હું હાલ સુંદરી પરીરે.
અહાહા વાહ૦

વસન્તીકા— ૧૪

યાદ કરજો વ્હાલા, લટકાળા લાલા બોલો કાલા દીન દાસીના
દીન દાસીના આ પ્રેમ પ્યાસીના. યાદ૦

રત્નસિંહ—મેરૂથી મોટી છે અણુથી છોટી છે પ્રેમદા પ્રીતીની
રીતી નિદાન.
લાખેણી લાણીને, જાણી પ્રમાણીને, આણીશું માણીશું
વસન્તીકા—વિલાસીવા. દીન દાસીના.

વૃક્ષ વિનાની વેલડી, કાય વિનાની છાંય;
વાહાલા વીણુ વનીતા તણી, ગતી બરાબર થાય. યાદ૦
રત્નસિંહ—કપુર મરીમાં ઠરી રહે, અળગું ઉડી જાય;
જુવતી આ જીવડા તણી, તમ વીણુ તે ગતી થાય. યાદ૦

અંક બીજો.

દરબારીઓ— ૧૫

જય જય દરબાર શુરવીર સરકાર દાતાર, જય જય જય જય.
આધાર, ભુપાળ, સરદાર, વિસ્તારી તારી કીર્તિ જગમાં જયકારી
ભુતળપર સરદારી, પારી વારી છે સુખકારી, પવિત્ર પાળનારા.
જયદંડ ધારનારા, જશ અખંડ, આઆઆ. જગમાં જામો
જાલમસિંહ—જય.

વારાંગનાઓ-- ૧૬

સૌ ગાઓરે મતવાલી મધુરી ધીમે ધીમે—ધીમે ધીમે.
તા, ધીન ધીને--તા ધીન ધીને--નાચો સંગે, પ્રેમ રંગે.
સૌ ઉમંગે, મનહર મુરલી મન લોભાવે, તોમ તનનનન.
થોમ થનનન, છુમ છનનન–મધુરી ગાયે રસીક રાગણીઓ છનંનન.
રસીલી સુંદરીઓ નાચો ઝુમ ઝનનનન-સગુણા શામળા શોખીલા
ધુમે ધનનનન રમે રસ કુંજમાં રસીક લાલ સનનનન. સૌ ગાઓરે.

વસન્તીકા— ૧૭

જુવો અજબ જગત રંગે ઢોંગીલું જણાય. (૨)
સંત બીચારો ભૂખે મરે છે, લુચ્ચો ઠગારો મોજ કરે છે.
હણે બકરી ને નહીં વાઘને મરાય--જુઓ.
નાના મોટા કોઇ ન રહેવાના, ટાણું થયું કે ચાલ્યા જવાના.
ઉગે રવી તો પ્રભાત સાંજે અસ્ત થાય- જુવો.

વસન્તીકા— ૧૮

પ્યારા પીતા પ્રીત વીસારો કાં, ઉછેરીને ઉર વીદારો કાં

રાણી—જનેતા ઝેર દીયે, બાલુડાં કોને કીયે.

વસન્તીકા—એવી મતી ઉર ધારો કાં. પ્યારા.

જાલમ—વ્યાધી વિષધર વેરીને, વધવા નહીં દેવાય.

વામી વૃદ્ધી પામતાં, પોષક પેહેલાં ખાય.

રાણી—વેણોનાં બાણ મારે કાં.

વસન્તીકા—ઉછેરીને ઉર વીદારો કાં. પ્યારા.

રમણુ—રામ નામ રટ માવડી, એ મુજને છે સ્હાય.

જેહ વસ્યા વલકલ ધરી, વરસ ચૌદ વનમાંય

રાણી—સહે ઉર વીયોગ તારો કાં.

વસન્તીકા—ઉછેરીને ઉર વીદારો કાં. પ્યારા.

ઝમકુ— ૧૯

વ્હાલા વીરહી કરોને વિલાસ.

વિલાસી—ધિઃક પડયો મનખો રાંડ ગાંડીના લેને ગલાસ. ધીઃક

ગુલાબસિંહ—સાકરીયા શરબત ને નળનું છે પાણી.

ઝમકુ—પ્રીતીની પુરી નીશાની, વાહઃ વાહ

વિલાસી—હવે મરી જાઓ, હવે બળી જાઓ, હવે ટળી જાઓ,

ઝમકુ—પ્રીયે લ્યો પ્યાલી.

ગુલાબ—વા વાલી દે તાલી.

વિલાસી—ધિઃક પડયો મનખો. વ્હાલા વીરહી.

સખીયો— ૨૦

યોવન ઘેલી ભાન ભુલેલી પ્રેમ પગેલી છેલી છકેલી !
નવેલીરે શોભે સખીઓના સાથમાં !
વેણી સમ વીષધર થવા ! ચાલે ઘસતા પેટ !
કંઠે માગવા કોકીલા ! વસતી વનમાં નેટ !
નીરખી એ રામાની નાશીકારે ! શુક રહે વનફળો ખાઇરે ?
હસ્તી શીરે ધૂળ ધારે ! પીન ઉરો પેખીનેરે !
ક્ષણરે મલકાતી ને ક્ષણ શરમાતી ગાતી ક્ષણે હરખાતી
છેડલે છાતી છુપાવા જાય ? પડસુલીસમ પેટ દેખાય.
કટી કામનીની નીરખીને પાતળી સિંહનો ગરવ સાવ ગયો ?
ગળી હો ? વાહવાહ ? ત્રીવેણી ન્હાતાં જે ફળ થાયે
તે ફળ દે તટ ત્રાંવળીએ બાળની ?
રંભ થંભ જંઘ જોઇ મુનીશ્વર રહે મોહી પીંડી બાળની.
સમાન કામદેવની કમાન, રચી રૂપાળી વીધીએ બાળી.
છે હદવાળી ભાળી ભુતાળી નીહાળીરે ?
નાખે નીત નજર નાથમાં. યોવન !

૨૧

સુંદરી—હો પરદેશી પીયુ પ્યારા તન મન મારા,
આ દીનદારા મન હરનારા ગુણ ગાઉં નીત તારા

રમણ—તમ વીરહમાં બળતો કર્યો પીતાજીએ વનવાસ દઇ
પ્યારી તમારા પ્રેમથી ઉરમાં અતી શાન્તી થઇ
તન મન અને ધનમાં સહુ છબી રમણની છાઇ રઇ
વહાલા તમારા વચનમાં વીણમુલ હું વેચાઇ ગઇ
નાથ નામની માળા કર અહીં વિતાવું દીન મારા. હો—

જાલમસિંહ--   ૨૨

શૂરવિર બ્હાદુરો તન ચડાવો અંકુરો.
શત્રુને કરો પુરો, સુહામથી.

લશ્કર---દેશ દાઝ ખાઇને, ગીત રસીક ગાઇને
આપણું વધારે શૂર નામથી, રંગ રંગ જંગ જામ પી લહો.
બળ વધારવું શુભ કામથી, શત્રુને નમાવવો,
જય જગત જમાવવો, વજ્ર છાપ મારવો દમામથી-શૂર

રત્નસિંહ—   ૨૩

અજબ રાજ ઉત્પાત અમલમાં, ક્લેશ વૃક્ષ છાયા,
જુલ્મ પવનની લાગે ઝપટ ત્યાં, જીવ છોડે માયા.
ન્યાય તણો ધૂળ કોટ અણુેલો, ઉડતો હર વખતે:
પ્રજાતણાં અન્નજળ લુંટાયે, હરે સરસ કાયા.
વૈભવ મોટો, શોખ ઘણો પણ, અવળે માર્ગ પળે.
ધિ:ક જીવતર એ ભુતળ સ્થળનું, જ્યાં સરખી જાયા.

વિજયશંકર—   ૨૪

રાય પ્યારને છે ધિક: હોય જો અધિકાધિક તોય રાતદિન બીક-રાય.
જેવી વીજળી આકાશ, જેવો જગનું પ્રકાશ,
તેવો રાય પ્રિતિ પાસ, તેથી રાન વાસ ઠીક—રાય

સુંદરી—   ૨૫

મન હોડી દુ:ખ દરીયે અથડાય, તરંકો કેરા અવળા વાયુ વાય હાય (૩)
સુખના સઢ માંહે બહુ સાર પડયા છે ! શુદ્ધિ સુખાન ફરી જાય,
આકુ બેટ બળતરાનું નડે તે સંગે ! ભટકાઇ ભાંગી જાય હાય (૩)
માત પીતા થકી પડી વીખુટી ! વહાલા વિયોગે લાગે લાય !
એ મળશે કે નહીં મળે એજ વીચારો પળે પળે પલટાય ! હાય (૩)

વિલાસી— ૨૬

હું ઘોડે અસ્વાર રે હું ઘોડે અસ્વાર હું તો હું ઘોડે અસવાર (૩)
ચટચટ હાંકુ ઝટઝટ હાંકુ, મારૂં ચાબખ ચાર. હું તો હું.

ચતુર—ઊંહુંહુંહું આમ કાં !

વિલાસી—લે પ્યારના ચાબખા.

ચતુર—માર ત્યારે માર વેગે દરશન દે દીલદાર, તારા આશકનું
મન ઠાર મારી નાજુકડી તું નાર, હું તો હું.

વિલાસી—કામી કપટી પરમાં લપટી, ખાંતે થાતા ખુવાર

ચતુર—આ તો વાગે છે !

વિલાસી—ભાઇ ડાઢી તારી માગે છે ! લેતો જાને લાડવો,
તું કાળાં કૃત્ય કરનાર, ઘાસ ચણ્યા ખાને ખુબ ઘોડા,
માથે જુતી માર.

ચતુર—આવો પ્યાર.

વિલાસી—ચુપ ગમાર. હું તો હું.

અંક ત્રીજો.

સુંદરી— ૨૭

દીનમણી દુઃખનો ઉગ્યો દારૂણ તાપેથી તાવવારે
નીરાશા કમળોને ખીલાવી ! આશા કુમુદ ખીલતી અટકાવી
ભટકાવી ભૂમીમાં બાળ્યું બાળીને આધીન થઇ ભાવવારે. દિન.
વિપત્તિના વનનું પોષણ કરવા સંપત્તિ સલીલને શોષી હરવા
મન ચકવા બાધી ચકવીના વેગથી વિયોગને નસાવવારે દિન.

કૃષ્ણબા— ૨૮

કરી સૂનો આ ઉછંગ, ઉડો કાં એ વિહંગ (સ્વપ્નામાં બોલે છે)

સુંદરી—

સંગ લેશોજી ના નહીં કહેશો મુખે

રમણ—નાજુકડી નાર મુજ હૈયા હાર, રણની મોઝાર કષ્ટો અપાર

સુંદરી—કહું સ્વામી શીર નામી રણ જામી રહું પામી શરણ આપનું
શોભાવું માતા પેટ એવી ઉર હામ પુરી છે મને

રમણ—ધન ધન તરૂણી ધરણી તલમાં રમણી નમણી ને અલબેલી

સુંદરી—મુખડું નીરખું હું પળ પળમાં લટકે મટકે બની છું ઘેલી

રમણ—ચાલો ઝટપટ કટકટ કટકટ કટકા કરવા અરી ઉરના !

વિજયશંકર— ૨૯

વાવા શી મજા છે રૂડી ઇશ ભજનમાં, નથી એવી અહનિશ સમાથી રમતાં.
જમતાં, ભમતાં, સુખાળાં ભોજન, નથી પુત્ર અને પરિવારો માંહિરે—વાવા.
નથી રાજ્યે નથી તાજે મોજ એવી, માયા મહીં એવી મજા નાંહિરે—વાવા.
નથી ઇંદ્રાસન માંહિ મોજ એવી, નથી એવી બીજે સ્થળે ક્યાંહિરે—વાવા.

૩૦

રમણ—ધન્ય ભાગ્ય આજ મારાં, મને ગુરૂ મળ્યા;
ત્રણ તાપ આજ મારા, ખરે ખરા ટળ્યા—ધન્ય.
વિજય—જળે વસે સદા નલીન, નાં ભીંજાય છે;
એમ વરુયે જગ્ત માંહિ, મોક્ષ થાય છે—ધન્ય.
રમણ—જ્ઞાન અવિચળ આપીયું, તન મનં ધન ચળવંત;
એ આપું ગુરૂ તોય પણ, રહેશે રૂણ અનંત—ધન્ય.
વિજય—આતમથી સમજાય છે, નિજ આતમનું રૂપ;
ગુરૂ શિષ્ય પોતે થયો, અવર સરવ ભ્રમ કૂપ—ધન્ય.

જાલમ— ૩૧

પેખી વામી હરામી કપટ કળા જાણી તુજ રાણી નફટ લંપટ !
રમા—અધમને સંગ ધરમ કરમ શરમ ભરમ ખોશો !
જાલમ—છેતર્યો ખટપટ કરી તેં બાળકો ઉગારે મુજને તું મારે
રમા—તીક્ષણ કટારે હૃદય વીદારે બોસો આવા
જાલમ—પ્રપંચ કર માં ઓ પાખંડી ક્રુર દુર ખસ વામી.

લશ્કરી માણસો— ૩૨

શુરવીર બહાદુરો સૌ રંસરંગી, આવો આવો જગ જગ જંગી,
રણવીર રણધીર એકજ ઢંગી, થાઓ લડવા તૈયાર.
શુર અજમાવો બળ બતલાવો, જય જય ગાઓ સરખા થાઓ,
દુશ્મન હણવા હથીયાર ધરો, ફરકાવો જાલમ જય જંગી. શુર.

નંદલાલ— ૩૩

દુર દુર જાર નાર શરમ શરમ છે ધિક્કાર ?
વિલાસી—અધમ કરમ કરણ હાર, ધરમ ભરમ છોડનાર
રમકુ—હું ગમાર ભુલી નાર ?
નંદલાલ—વારવાર ધીક્કાર ?

વિલાસી--તરણુ વહન રહન ધરણુ મરણુ શરણુ પરણુ જા.
ઝમકુ---સાપણી ? પાપણી ?
નંદલાલ---મુજ ઉપર કાપણી, ભવ બગાડયો મારો રાંડે રાખી
નહીં કંઇ મણા.
વિલાસી---ગુણથી કે અવગુણથી સૌનાં જીવડો એક ને ઘરાક ઘણાં
ઝમકુ---હાય મરૂં ઝેર ખાઇ હવે હું તો ?
નંદલાલ---હત્યારી નઠારી વ્યભીચારી નારી.
વીલાસી---વાયરે વાય નારી ! (૪)
નવી---હાયરે હાય હારી ! (૪)
નંદલાલ---ગુલાબો માણતો તો !
વિલાસી---એતો હું જાણતો તો ! દુર.

જાલમસંહ— ૩૪

નહીં નહીં ઝીલે ભુમી મારો ભાર પાપીના પ્રસંગે બહુ પિડયાં
પ્રેમી જનને ? બહુ દુભાવ્યાં બીચારાં બાળકોનાં મનને
કાયબોને શેષ દુઃખી થાય છે અપાર ?
કીધાં પાપો પારાવાર મરૂં ખાઇને કટાર.

બધા-હત્યારા ન થાશો હણી હાથે નીજ કાયા ?
પાપ સહુ ગયું પુરા પસ્તાયા ?
છોકરાં---વિસારો ના બાળકોનો પ્યાર પીતા પ્યાર ?
માફ કરશે મોરાર પ્રભુ નોધારા આધાર. નહીં.

૩૫

વસન્તીકા---શશીમુખી શાને કહી મને ઘેલડા ? વહો વહો બેલડા
બોલ્ય અલબેલડા (૨)
રતનસિંહ---શશી સરખું સુંદર તારૂં ? નવલ નવોઢા મુખ ?

વસન્તીકા—જોયા જાઓ જાઓ ? શશી જેવી વધઘટ ક્યાં છે
મારા સુખમાં.

રત્નસિંહ—ગાજ્યો તેં ગરવ વધે ઘટે તેના દુઃખમાં

વસન્તીકા—ત્રાગ મરી ગઇ હાય.

રત્નસિંહ—અરે વાહરે ! વાહ માનોને માનુની મારી:

વસન્તીકા—જાણીજી જારી વીજારી !

રત્નસિંહ—નહીં વીજારી સોગન પ્યારી !

વસન્તીકા—શશીમાં ખાડો છે સ્યામ રંગ હાં
મારે મુખે દયો દેખાડી.

રત્નસિંહ- વિધુ માંહે ખાડો પાડી વીધાએ બનાવ્યું તારૂં મુખ

વસન્તીકા-વાહ !

રત્નસિંહ—ચુમી આપો નાર.

વસન્તીકા—હવે લ્યોને હૈયા હાર. શાને કહી મને છેલડા.

સર્વ પાત્રો— ૩૬

આનંદ આનંદ આજે વ્યાપ્યો સ્થળ સ્થળમાં !
આનંદ તણાં દળપર દળ ફરે સહુ સ્થળ સ્થળમાં !
ભુમીના તળમાં ઠાલું ઠામ ક્યાંએ નવ દીસે !
જોતાં જઇ જળમાં, દળમાં તરૂ તણાં નગ નગ મગ મગ સહુ
સ્થળ સ્થળમાં—આનંદ.

મનમાં પ્રેમીના જામ્યો જયકારી, નવરંગથી ઉમંગથી
પરીપુરણ વ્યાપીઓ, જો ચિત્તથી પ્રિતીનાં રતી
વિસારી ગણી તડકાને છાયા સમ, વિપત્તી સંપતિ ધારી
વનમાં તનમાં મનમાં સહી રમાં આવી જેવી પળ સહુ સ્થળ
સ્થળમાં—આનંદ.

સમાપ્ત.

જી. સી. દસ્તુર.

ચાર્મીંગ પીલ્સ (ધાતુપૌષ્ટિક ગોળીઓ).

આ ગોળી લાંબા વખતના અનુભવ બાદ એના ગુણ વિશેની પક્કી ખાત્રી થયેથી બહાર પાડવામાં આવી છે. પાંડુરોગ, નજળો, માથાનો દુખાવો, હાથ પગની કળતર, મગજનું ખાલી પડવું, જઠરાગ્નિનું મંદ પડવું, સ્વપ્નાવસ્થામાં વિર્યશ્રાવ, કુછંદ તથા કુટેવથી પ્રાપ્ત થએલી નબળાઇ તથા નપુશકપણું તેમજ થતો ક્ષય એ દરદોપર આ ગોળીઓ ખાસ ચમત્કારી રીતે અસર કરે છે એથી મંદ પડેલી જઠરાગ્નિ સતેજ થાય છે ખોરાક હજમ થાય છે શરીરમાં દીનપર દીન લોહીનો વધારો થતો જાય છે નબળી પડેલી નસોને તાકાત મળે છે અને મગજ સ્થીર થાય છે એ ગોળીની બનાવટમાં ફોસફરસ દરમીયાન કોકો (લેકટેઇટ) ઓફ પેપેઇન (પેપ્ટોનાઈઝડ પેપઇન) તેમજ બીજી પૌષ્ટિક દવાઓ વાપરવામાં આવી છે ૪૨ ગોળીની શીશીની કીંમત રૂ. ૧

સ્પેશીફીક ફીવર મીક્ષચર.

ત્રીજીઓ, રોજીઓ, એકાંતરીઓ, ચોથીઓ, પીત જ્વર જીર્ણ જ્વર તેમજ લાક્ષણીક તાવ (બીજા દરદનાં લક્ષણ તરીકે આવતો તાવ) જંગલી ફીવર વીગેરે તમામ જાતના જ્વર (તાવ) માટે આ હમારૂં મીક્ષચર એક રામબાણ ઉપાય છે એ મીક્ષચર (તાવ) હોય યા ન હોય તો પણ લીધામાં આવે છે. કિંમત રૂ. ૦॥।.

સ્પેશીફીક ફીવર પાઉડર.

આ પાઉડર રોજીઓ, એકાંતરીઓ, ચોથીઓ, પીત જ્વર, જીર્ણ જ્વર તેમજ લક્ષણીક તાવ (બીજા દરદના લક્ષણ તરીકે આવતો તાવ) જંગલી ફીવર વીગેરે તમામ જાતના જ્વર (તાવ) માટે આ હમારો પાઉડર એક વીજળી મીસાલે કામ કરે છે એ પાઉડર માટે હમો હમારે મોઢે કહેવા કરતાં સુરત જીલ્લામાંના કોઇ પણ માણસને પુછવાથી ખાત્રી થશે. ગરીબ લોકોના ફાયદાને માટે આ હમોએ ખાસ પાઉડર કાઢયો છે એ પાઉડર તાવ હોય ન હોય તો પણ લેવામાં આવે છે.

વેચનાર-ઠાકોર બ્રધર્સની કું. કેમીસ્ટ કણપીઠ-સુરત.

જાહેર ખબર

નીચે લખેલા ઓપેરા કંપનીમાંથી રોકડી કીમતે મળશે.

જગતસિંહ	...નાટકના ઓપેરા...	...૦-૨-૦
શૈલબાળા	...નાટકના ઓપેરા...	...૦-૨-૦
વિદ્યાપ્રતાપ	...નાટકના ઓપેરા...	...૦-૨-૦
પ્રેમચંદ્રિકા	...નાટકના ઓપેરા...	...૦-૨-૦
ચંદ્રકાન્તા	...નાટકના ઓપેરા...	...૦-૨-૦
ઇંદુમતી	...નાટકના ઓપેરા...	...૦-૨-૦
સતિ સુંદરબા	...નાટકના ઓપેરા...	...૦-૨-૦
રમણ સુંદરી	...નાટકના ઓપેરા...	...૦-૨-૦
સંસારી સાવિત્રી	...નાટકના ઓપેરા...	...૦-૨-૦
સીતા સ્વયંવર	...નાટકના ઓપેરા...	...૦-૨-૦
સત્યવાદી હરિશ્ચંદ્ર	...નાટકના ઓપેરા...	...૦-૨-૦
નરસિંહ મહેતા	...નાટકના ઓપેરા...	...૦-૨-૦
મીરાંબાઇ	...નાટકના ઓપેરા...	...૦-૨-૦
ગોપીચંદ	...નાટકના ઓપેરા...	...૦-૨-૦
ધ્રુવકુમાર	...નાટકના ઓપેરા...	...૦-૨-૦
ભકતરાજ પીપાજી	...નાટકના ઓપેરા...	...૦-૨-૦
સુરશ્યામ	...નાટકના ઓપેરા...	...૦-૨-૦
રાધા પ્રેમભકિત	...નાટકના ઓપેરા...	...૦-૨-૦

નરસિંહ મહેતા, મીરાંબાઈ, ગોપીચંદ, ભકતરાજ પીપાજી, ધ્રુવકુમાર, સુરશ્યામ તથા રાધા પ્રેમભકિતના નાટકની ભાષણ સહિત મોટી બુકો આઠ આનાની કીમતે કંપનીમાંથી કોઈ પણ વખતે મળી શકશે.

ગ્રંથ કર્તા.